# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ત્રણ જાપાની કંપનીઓ ભારતમાં સૌ પ્રથમવાર સંયુક્ત રીતે બેટરી સેલનું ઉત્પાદન કરશે.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમમાં ભારતીય નૌકાદળના બે અદ્યતન જહાજ, INS ઉદયગિરિ અને INS હિમગિરિને કાર્યરત કર્યા.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક પરિવર્તન દેશ અને તેની સરહદોની સુરક્ષા પર સીધી અસર કરે છે.

4) કેન્દ્ર સરકારે ખાદ્ય સુરક્ષા જાળવવા અને સંગ્રહખોરી અટકાવવા માટે ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી.

5) ભારતના સિફ્ત કૌર સામરાએ 16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત સ્વચ્છ ગતિશીલતા ઉકેલોના વિશ્વસનીય કેન્દ્ર તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે. ગુજરાતના હાંસલપુરથી સુઝુકીના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા બેટરી ઇલેક્ટ્રિક વાહન 'ઇ-વિટારા'ને લીલીઝંડી આપ્યા બાદ શ્રી મોદીએ ભારત અને જાપાન વચ્ચે ગાઢ ભાગીદારી પર પ્રકાશ પાડી 2047 સુધીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની ભારતની યાત્રામાં મુખ્ય વિકાસ ભાગીદાર તરીકે જાપાનની ભૂમિકાનો પુનરોચ્ચાર કર્યો. ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા પીએમ મોદીએ આજે ગુજરાત સ્થિત TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન પણ કર્યું. શ્રી મોદીએ કહ્યું, ત્રણ જાપાની કંપનીઓ ભારતમાં પહેલી વાર સંયુક્ત રીતે બેટરી સેલનું ઉત્પાદન કરશે.

(બાઇટ : PM---EV-BATTERIES)

શ્રી મોદીએ વૈશ્વિક ભાગીદારી બનાવવા માટે ભારતની "લોકશાહીની શક્તિ, વસ્તી વિષયક લાભ અને કુશળ કાર્યબળ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યુ મેક ઇન ઇન્ડિયા પહેલે વૈશ્વિક અને સ્થાનિક ઉત્પાદકો બંને માટે અનુકૂળ વાતાવરણ બનાવ્યું છે. તેમણે સુઝુકીના આ પગલાને મેડ ઇન ઇન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું.

# PM GUJARAT-2

શ્રી મોદીએ કહ્યું કે મિશન મેન્યુફેક્ચરિંગની સાથે, સરકારે ઓટો ઉદ્યોગની દુર્લભ પૃથ્વી ચુંબકની વધતી માંગને પહોંચી વળવા માટે રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશન પણ શરૂ કર્યું છે.

(બાઇટ : PM---RARE-EARTH-MAGNET)

નવા લોન્ચ થયેલા વાહનોની યુરોપ અને જાપાન જેવા મુખ્ય બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરાશે. ગુજરાતની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સુઝુકી મોટરના હાંસલપુર પ્લાન્ટમાં પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

# VISAKHAPATNAM - RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમમાં પૂર્વીય નૌકાદળ કમાન્ડ ખાતે ભારતીય નૌકાદળના બે અદ્યતન જહાજ, INS ઉદયગિરિ અને INS હિમગિરિને કાર્યરત કર્યા. આ પ્રસંગે સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તે કેન્દ્ર સરકારની 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' પહેલની સફળતા દર્શાવે છે.

(બાઈટ: RAJNATH-INDIAN-NAVY)

આ પ્રથમવાર છે કે દેશના બે પ્રતિષ્ઠિત શિપયાર્ડ્સમાંથી બે મુખ્ય સપાટી લડાયક જહાજો એક જ સમયે કાર્યરત થયા છે, જે દેશના ઝડપી નૌકાદળ આધુનિકીકરણ અને બહુવિધ શિપયાર્ડ્સમાંથી અત્યાધુનિક યુદ્ધ જહાજો પહોંચાડવાની ક્ષમતા પર ભાર મૂકે છે.

# GOVT - EDUCATION

દેશભરમાં શિક્ષણ પૂરું પાડવામાં સરકારી શાળાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે, કુલ નોંધણીનું લગભગ 56 ટકા શિક્ષણ સરકારી શાળામાં પૂરું પાડવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં આ સંખ્યા વધુ છે, જ્યાં 66 ટકા વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં આ સંખ્યા લગભગ 30 ટકા છે. વ્યાપક મોડ્યુલર સર્વેક્ષણ : શિક્ષણ, 2025 મુજબ, ખાનગી બિન-અનુદાનિત માન્યતા પ્રાપ્ત શાળાઓ દેશભરમાં નોંધણીના લગભગ 32 ટકા હિસ્સો ધરાવે છે. સરકારી શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળા શિક્ષણ પર પરિવારો દ્વારા કરવામાં આવેલ સરેરાશ વિદ્યાર્થી દીઠ ખર્ચ બે હજાર 863 રૂપિયા હોવાનો અંદાજ હતો, જ્યારે બિન-સરકારી શાળાઓમાં તે 25 હજાર રૂપિયાથી વધુ હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EVE SHAH - VIBRANT VILLAGE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક પરિવર્તન દેશ અને તેની સરહદોની સુરક્ષા પર સીધી અસર કરે છે. શ્રી શાહે આજે નવી દિલ્હીમાં બે દિવસીય વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રને સંબોધતા આ વાત કહી હતી. તેમણે કહ્યું કે મોદી સરકારે સરહદી ગામડાઓમાંથી સ્થળાંતર રોકવા અને 100 ટકા સંતૃપ્તિ પ્રાપ્ત કરવા માટે વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ શરૂ કર્યો હતો. શ્રી શાહે કહ્યું કે આ કાર્યક્રમ સરહદી ગામડાઓમાં માળખાગત સુવિધાઓ, સંસ્કૃતિ અને પર્યટનના સંરક્ષણ અને પ્રોત્સાહન દ્વારા રોજગારીમાં વધારો કરી રહ્યો છે. તેમણે ભાર મૂક્યો કે અરુણાચલ પ્રદેશમાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ લાગુ કર્યા પછી, ઘણા સરહદી ગામડાઓમાં વસ્તીમાં વધારો થયો છે.

# GOVT - WHEAT STOCK LIMIT

કેન્દ્ર સરકારે ખાદ્ય સુરક્ષા જાળવવા અને સંગ્રહખોરી અટકાવવા માટે ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી છે. સ્ટોક મર્યાદા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વેપારીઓ અને જથ્થાબંધ વેપારીઓ, છૂટક વેપારીઓ, મોટી ચેઇન રિટેલર્સ અને પ્રોસેસર્સને લાગુ પડશે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે વેપારીઓ અને જથ્થાબંધ વેપારીઓ માટે સ્ટોક મર્યાદા ત્રણ હજાર મેટ્રિક ટન હતી જે સુધારેલી સ્ટોક મર્યાદામાં ઘટીને બે હજાર મેટ્રિક ટન થઈ ગઈ છે. તેવી જ રીતે, છૂટક વેપારીઓ માટે સ્ટોક મર્યાદા આઠ મેટ્રિક ટન રહેશે.

મંત્રાલયે ઘઉંનો સંગ્રહ કરતી તમામ સંસ્થાઓને દર શુક્રવારે પોર્ટલ પર સ્ટોક સ્થિતિ જાહેર કરવા અને અપડેટ કરવા જણાવ્યું છે. આગામી તહેવારોની સિઝન પહેલા ઘઉંના ભાવ નિયંત્રિત કરવાના સતત પ્રયાસોના ભાગ રૂપે, સરકારે આગામી 31 માર્ચ સુધી લાગુ પડતી ઘઉંના સ્ટોક મર્યાદામાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

# PREZ-GANESH CHATURTHI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ દેશના નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. સુશ્રી મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે આ તહેવાર ખૂબ જ ભક્તિ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. ભગવાન ગણેશને શાણપણ અને સુખાકારીના સ્ત્રોત તરીકે પૂજવામાં આવે છે તે વાત પર ભાર મૂકતા, સુશ્રી મુર્મુએ કહ્યું કે લોકો નવી શરૂઆત અને અવરોધો દૂર કરવા માટે તેમના આશીર્વાદ માગે છે. તેમણે લોકોને દેશના પર્યાવરણનું સંરક્ષણ કરતી વખતે આ તહેવાર ઉજવવા અને સ્વચ્છ, હરિયાળો અને વધુ સમૃદ્ધ દેશ બનાવવા માટે યોગદાન આપવા વિનંતી કરી.

# CBIC-GST

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ-CBIC એ લોકોને GST દરો પર અટકળો ટાળવા વિનંતી કરી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, CBIC એ જણાવ્યું હતું કે આ સંદર્ભમાં નિર્ણયો GST કાઉન્સિલ દ્વારા સામૂહિક રીતે લેવામાં આવે છે, જેમાં કેન્દ્ર અને રાજ્યોનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે અકાળ અટકળો પાયાવિહોણી અફવાઓને જન્મ આપે છે અને બજારોમાં અસ્થિરતા લાવી શકે છે. CBIC એ તમામ હિસ્સેદારોને આ વર્ષે 3 અને 4 સપ્ટેમ્બરના રોજ GST કાઉન્સિલની બેઠક પછી કરવામાં આવનારી સત્તાવાર જાહેરાતોની રાહ જોવાની સલાહ પણ આપી છે.

# TEACHERS AWARD

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને પોલિટેકનિકમાંથી 21 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષકો પુરસ્કાર- NAT 2025 માટે પસંદ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, પસંદ કરાયેલા શિક્ષકો પોલિટેકનિક, રાજ્ય યુનિવર્સિટીઓ અને કેન્દ્રીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના છે. આ પસંદગી, શિક્ષકના પ્રદર્શન, જેમ કે શિક્ષણ અસરકારકતા, આઉટરીચ પ્રવૃત્તિઓ, સંશોધન અને નવીનીકરણ, પ્રાયોજિત સંશોધન અને ફેકલ્ટી વિકાસ કાર્યક્રમો પર આધારિત છે. NAT ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને પોલિટેકનિકના અનુકરણીય શિક્ષકો અને ફેકલ્ટી સભ્યોને એનાયત કરવામાં આવે છે.

# SPORTS-SHOOTING

ભારતીય ઓલિમ્પિયન સિફ્ત કૌર સામરાએ આજે કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં 16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં મહિલા 50 મીટર રાઇફલ 3 પોઝિશન ઇવેન્ટમાં વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો. સિફ્તે 459.2નો સ્કોર કરીને ટોચનું સ્થાન મેળવ્યું. તેના પછી ચીનની યુજી યાંગ અને જાપાનની મિસાકી નોબાતાનો ક્રમ આવે છે. આઠ શૂટરના વ્યક્તિગત ફાઇનલમાં ભાગ લેનારી અન્ય ભારતીય આશી ચોક્સી 402.8ના સ્કોર સાથે સાતમા સ્થાને રહી હતી. સામરા અને આશીએ ક્વોલિફિકેશન રાઉન્ડ અનુક્રમે બીજા અને પાંચમા સ્થાને પૂર્ણ કર્યો હતો, પરંતુ ફાઇનલમાં પ્રથમ અને ચોથા સ્થાને પ્રવેશ કર્યો હતો.